श्री शांती जैन

स्तवनावळी.

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કર્તા
શ્રી શાંતી જૈન મંડળી.

અમદાવાદ.

અમદાવાદ—"ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસ.

સને ૧૮૯૭.

કીંમત રૂ. ૦-૧-૬.

श्री शांती जैन

स्तवनावळी.

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી શાંતી જૈન મંડળી.

અમદાવાદ.

સને ૧૮૯૭.

કીંમત રૂ. ૦-૨-૬.

અમદાવાદ—"ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસ.

5713

શ્રી શાંન્તીજીનસ્તવનાવળી.

ગાયન ૧

શ્રી સાંતી, પતી, પ્રભુ આપ સનમતી;
પાપ, પંક સર્વ ટાળી, વાર દૂરમતી. શ્રી સાંતી પતી.
સાંતી નાથના દરશન કરવા, જાએ સૌ નરનાર.
સાંતી નાથની પુજા કરેથી, ઘણો મળેછે સાર.
શ્રી સાંતી પતી.
ચોવીસ પ્રભૂના ગુણુ ગાવાને, સાહાય છો સાંતી નાથ.
વંદે આ સૌ બાળ તમોને, હેતે જોડી હાથ.
શ્રી સાંતી પતી.
શ્રી શાંતી નાથની જૈન મંડળી, નમેછે વારંવાર.
માટે હવે પ્રભુ સાહાય થઇને, ઉતારો ભવપાર.
શ્રી સાંતી પતી.

જીમ્યા અગ્રે આવી બેસો, ત્વરીત સ્વરસ્વતી માઇ.
બે હસ્ત જોડી અરજ કરેછે, પ્રીતે ભીખાભાઇ
શ્રી સાંતી પતી.

ગાયન ૨

સાંતી નાથ મહારાજ, પ્રભુજી, સાંતી નાથ મહારાજ.
આપ કૃપાથી કામ આરંભ્યુ, રાખસો તેહની લાજ.
પ્રભુ સાંતી.
ઇછા સૌ બાળની, પુરણ કરસો, સાહાય થસો પ્રભુ આજ.
પ્રભુ સાંતી.
જાત જાતની આંગી રચાવું, પુજા સામગ્રી સાજ.
પ્રભુ સાંતી.
જાત જાતના પુષ્પ મંગાવું, મોગર, લાલ, ગુલાલ.
પ્રભુ સાંતી.
મન ઉમંગ ધરી, સાંતી જીન, પુજો થાશે મંગળ આજ.
પ્રભૂ સાંતી.

શ્રી સંતી નાથની મંડળી નમેછે, કરસો તેહના કાજ.
પ્રભૂ સાંતી.

ગાયન ૩

સાંતી પ્રભૂ મેહેરથી, આનંદ, આનંદ અપાર.
સાંતી પૂજનસે ચેન પડતહે, તુમહો પ્રભુ તારનહાર.
સાંતી પ્રભુ.
વિસ્વસેન, રાજા ને અચીરાજીમાતા, ધન્ય અચીરાજી
કુંમાર સાંતી પ્રભૂ.
અચીરાના જાયા વારી કંચન કાયા, મારે ઝલક ઝલકાર
સાંતી પ્રભૂ.
મૃગકા લંછન સાંતીજીકુ, સોહાવે હમ તુંમપરહે આધાર.
સાંતી નાથની મંડળી નમેછે, વંદે વારંવાર.
સાંતી પ્રભૂ.

ગાયન ૪

ચાલો જઇએ રહીએ: રાંણક પુરમાંરે:

જ્યાં પ્રગટા આદી જીનરાજ: નમું ઊમંગ ધરી નીત્યનાથરે:
પ્રભુ મુંરત સુદર, ઘણી સોભતીરે,
તેના ગુણનો નાઆવે પાર. નમુ ઊમંગ ધરી નીત્ય નાથરે.

સાખી.

ચોમુખ પ્રતીમા સોહાંમણી, ચોવીસ મંડપ મહીં.
દેરી ચોરાસી દીપતી, માંડયો અષ્ટાપદ તહીં.
આતો મોટો છે દેશ મેવાડનોરે,
લાખ નવાણું લાગ્યાં સાથ. નમું ઊમંગ ધરી નીત્ય નાથરે

સાખી.

પંચ દેરાસર રળીઆંમણાં, જોતાં પાતીક જાઅ.
આજ થયો આનંદ ઘણો, મનમાં આનંદ માઅ
આદીશ્વર પુજે, પરમ સુખ પાંમસેરે;
પ્રભુ તારો આ બાળોને આજ. નમુ ઊમંગ ધરી નીત્યનાથરે

સાખી.

ઈંદ્ર ઇદ્રાણી અપસરા, પ્રભુ નમે તમને આજ;
શ્રી સાંતીનાથની મંડળીના, પ્રભુ સારસો તેના કાજ;
ગાવે શાંતિ મંડળીના શીષ્યોરે;
મુખેથી વદે જયજયકાર. નમુ ઊમંગ ધરી નીત્ય નાથરે.

ગાયન ૫

સાંત્તી જીનરે, અરજ કરૂં તે ધારો;
ભવસાગરથી પાર ઊતારો;
પ્રભુ પ્યારારે, અરજ કરૂ તે વીચારો;
કામ ક્રોધથી દુર નીવારો.

ઝુલ.

ભવસાગરથી પાર ઊતારોરે, વીનંતી આ બાળની સ્વીકારોરે;
આશરો પ્રભુ એક તારોરે; શીળવંતારે બાળની અરજ મન
ધારો, ભવસાગરથી પાર ઊતારો.

ઝુલ.

વીશ્વસેન અચીરાજીનંદારે, સાંતી મંડળીના કાપો ફંદારે;
સાંતીતાથ મુખ પુનમચંદારે, પ્રભુ ઉપગારીરે જૈન ધર્મ
છે સારો. ભવસાગરથી પાર ઉતારો.

ઝુલ.

પ્રભુ કષ્ટ અમારા નીવારોરે, સાંતી જૈન સભાને તારોરે,
લંછન મૃગ શોભે અતી સારોરે, પુન્યવંતારે મોક્ષનાં
દ્વાર ઊઘાડો. ભવસાગરથી પાર ઊતારો.

ગાયન ૬

વાસુપુંજ્ય પ્રભુ આ અમારી, આ અરજ સુણો હીતકારી;
ભવસાગરમાં હું ભમુંછું, કામ ક્રોધની સાથે રમુંછુંરે.
મનમાં બહુ પ્રેમ વધારી, આ અરજ સુણો હીતકારી;
પણ શેવકને તમે તારો, આ ભવ થકી પાર ઉતારોરે.
કહું એ કરજોડી હું વારી, આ અરજ સુણો હીતકારી;
મને એક આધાર તમારો, તેથી આવી પ્રભુ ભવ તારોરે.
નમું નમું હું વારંમવારી, આ અરજ સુણો હીતકારી;
એમ અરજ કરી મે આજે, શાંતી મંડળીના બાળો કાજેરે.
ગુરૂ ચારીત્ર વીજ્ય દીલધારી, આ અરજ સુણો હીતકારી.

ગાયન ૭

નીશ્ચય કર મન સાથ, જીવાડા નીશ્ચય કર મન સાથ;
અંતે એકલું જાવું ભ્રાત, જીવડા નીશ્ચય કર મન સાથ.
માયામાં પ્રીતી, ખોટી એ રીતી;
ચાલ ભાઇ ધર્મ, નીતી દેખાડું.
એ છે જગતમાં એકજ સારૂં,

જો તું જૈન મારગની રીતી;
આંણુ પણુ નહીં એમાં અનીતી,
અંતે જાવું પછાડી હાથ, જીવડા નીશ્ચય કર મન સાથ.
તુને સમજાવું, પ્રીતીથી કહાવું;
ચોતરીશ અતીશય શોભે છે,
તારણુ હારા પ્રભુજી જે છે.
શીવ સુખ રૂપ મુક્તિ એ દે છે,
કરજોડી કરતા વિનવે છે;
એજી ભજો ભજો જીનથ જીવડા નીશ્ચય કર મન સાથ. ના.

ગાયન ૮

કરો હળી મળી સૌ સ્તુતિ સાથે,
અતિ આણુંદ કરી; પ્રેમથી ભરી,
હામ હૈયામાં ધરી, કરો ભાવે ભાવે; કરો ભાવે ભાવે
સ્તુતિ સાથે.
તાલશુર નૃત્યલેથી નાચ નાચી,
શુભદિન આજનો છે નગ્ર વાસી;

જેથી પાપ સર્વે જાય, મોક્ષ પદને પમાય.
શાસ્ત્રે દાખલા જણાય, ટેક રાખી રાખી ટેક રાખી રાખી
સ્તુતિ સાથે.

ગાયન ૯

વારી જાઉં વારી જાઉં પ્રભુ પરે,
તનથી મનથી ધનથી આજે; વારી જાઉં.
આ. પ. ની. ક્રી. ૨. તી. જા. મો. વારી જાઉ.
સુંદીર ચેરો શોભી રહ્યો છે;
આણુંદ આજે અપાર,
સારૂ સારૂ સજન આજ;
પ્રાર્શ્વ પ્રભુજી મહારાજ,
મમ શીરના છો તાજ;
ગાઇએ આણુંદથી આજ, જય જય થાઓ. વાંરી
જાઉ વારી જાઉ પ્રભુ પરે.

ગાયન. ૧૦

આપો પ્રભુજી સુખ શાંત્તી તમે,
સૌ બાળોનાં સંકટ કાપી કરજો પ્રભુજી સાહે;
આજે દાસ તમ પાસ આવ્યા શરણે અમે,
આણંદ છે જગતાત, નમે બાળો સૌ સંગત.
જોડી બંને તે હાથ સાહ કરો સાંત્તીનાથ. આપો.

ગાયન ૧૧

પ્રભુ આ અર્જછે મારી. તમે લ્યો તેજ સ્વીકારી (૨)
માથે મુગટ સોહામણો, શીર શોભે મહારાજ;
નમીએ છીએ, પ્રભુ હમે સહાય થશો પ્રભુ આજ
તમે આ તાર્યાં નરનારી ૨) પ્રભુ. (૨)
શાંતીનાથને હું નમું, ધરી મન ઉલ્લાસ;
શાંતી મંડળીની પ્રભુ, પુરો તમે આશ;
જયે જય જય, જયકારી પ્રભુ આ અર્જછે મારી.
કામ ક્રોધ સૌ દુર કરી, તારો મને ભવપાર;

સૌ દેવના પ્રભુ દેવછો, સાક્ષ થશો કીરતાર.
વીનંતી આજ છે મારી; તમે લ્યો તેજ સ્વીકારી પ્રભુ.

ગાયન ૧૨

હુંતો પુજન આવીઓ, મનમાં તે પ્રભુજી ભાવીઓ.
મુજ મનમાં તે પ્રભુજી ભાવીઓ હે મુજ;
હુંતો આવ્યો તમ પાસ, હુંતો આવ્યો તમ પાસ.
મારી પુરી કરો આશ પ્રભુ ઉભો છે દાસ તમારો;હુંતો.
પ્રભુ રાખો મુજ લાજ, પ્રભુ રાખો મુજ લાજ;
કરી સુભ મમકાજ પ્રભુ શાંતીજીનં દમુનેભાવીયો હુંતો.
નમે બાળોસૌ સંગાથ, નમે બાળોસૌ સંગાથ જોડી
બને તે હાથ.
અરજ કરે છે દાસ તમારો, આજ અરજ કરે છે
દાસ તમારો-હુંતો.

ગાયન ૧૩

ચાલો ઊમંગ ધરીસૌ સાથ, પ્રભુનું પુજંન પ્રીતે કરવારે.
સાહ્ય થાશે જેથી સાંત્તીનાથ. પ્રભું.
તમે ઊમંગ ધરો સૌ બાળ. પ્રભુ.
પ્રભુ અમારાં દુઃખ સર્વ ટાળ. પ્રભું.
વીનંતી કરે છે સૌ સાથ. પ્રભું.
હેતે જોડી બંને તે હાથ પ્રભું.
શાંતીનાથ મહારા શીરતાજ. પ્રભું.
તમે રાખો આ બાળની લાજ પ્રભુ.
આંગી બની અદભુત આજ. પ્રભું.
શોભે હીરા રત્ન માણેકસાજ. પ્રભું.
શાંતી મંડળી નમે વારંવાર. પ્રભું.
બાળોને તારો ભવપાર. પ્રભું.

ગાયન ૧૪

ભજો અરીહંત વારી વારી, તજો દુર્ગુણ દુઃખકારી; ભજો.
ક્યાંથી આવ્યાને ક્યાંરે જવાના, કંઇક કરોને વીચાર

જન્મ વૃથા જાઅગમાર, અંતે છે યાર; નર્કનું દ્વાર. ભજો.
ધન યોવને સુખ સંત્તાંનો, મંન મેદ અપરંમપાર.
ઊપડી જસે ઘરબાર, નહીં રહેનાર; ગુમાંન લગાર. ભજો.
અવસર ખોયો તો સરવે ખોયું, પછી નથીરે ઉપાઅ;
વંદો વદો પ્રભુનાં પાય, જ્ઞાંન તો થાય; પાતીકો
જાઅ. ભજો.

ગાયન ૧૫

પુજો પુજો ને બાળો સો સંગાથમાં.
કેસર ચંદન ગોળી આજ આનંદમાં.
સાંતીનાથ, પુજો સુખકારી, કરશે, પ્રભુજી સહાય.
પ્રભુ લંછન કંચન સમકાયા સસી સમ, તેજ પ્રકાશ.
સ્નેહ ભાવથી સર્વે બાળો પુજન કરવા જાય. પુજો પુજો.

ગાયન ૧૬

છનનન ના ચુકે ઝુમ ઝુમ તાલ.
પ્યારે મેરે પ્રભુજીપે વારી વારી જાઉ.

એકતો અલબેલો સોહે અંગોપે આંગી.
દુજે મુગટ હે મોતીકાદ વીસાળ, છનનનન. ૧
તીજે ફૂલોકી બેઠક બનીહે.
ખુશ ખુશ થાઉ પ્રભુ મુખડા નિહાલ. છનનન. ૨
પાપે હઠાવે પ્રભુ પેખનકુ જાવે.
ઝેરી જગતકી છોડી જંજાળ કાલ. છનનન. ૩
મંગલ રંગ એહી અંગમાં વાધે.
સાંતી સંઘમાં સ્થાપે વીશાલ. છનનન. ૪

ગાયન ૧૭

હે જીનવર, દયાધર દુખહર સુખકર દીન દયાળુનાથ.
જોડી હાથ, સરવે સાથ; વંદીએ સદા. હે જીનવર. ૧
પાપી બાળકને પાવન કરીને, આપો અભય વરદાન હરી.
કાંઇ કૃપા કરી. માગુ કરગરી.
તારી, પ્યારી, ન્યારી, સારી, ભક્તિ, હરી. હે જીનવર. ૨
આપણે ચરણે સીશ નમાવી, એક કરૂં અરદાસ વળી.

વદુ લળી લળી માગુ, ફરી ફરી.
પાપોને, માપોને, કાપોંને, મહેર કરી, હે જીનવર.

ગાયન ૧૮

સેવોને સુખકારી–સેવોને સુખકારી,
શાંતીજીન સેવોને સુખકારી;
પ્રભુ રાખજે લજા મારી.
દુઃખ પાપ સરવે ને ટાળી,
કરો મહેર જગદીશ્વર તારીરે–જીન સેવો સુખકારી.

ગાયન ૧૯

પ્રભૂ વીનંતી આજ, ધરી શેવકની દાઝ
કરો અમારાં કાજ, મોક્ષ અમને અપાવ પ્રભુ ૧
આ સંસારની માંય, દુઃખો ઘણાં કહેવાય;
પ્રભૂ લાગુ તારે પાય; અમને ડુબતા બચાવ પ્રભુ ૨
સોભે તમને શીરતાજ, આંગી અદભૂત છે આજ;

ઘણો સોભેછે આજ, મણી કુંદન જડાવ પ્રભૂ ૩
સાંતી મંડળી નમે સાથ જોડી બંને તે હાથ;
સાહ્ય થાઓ સાંતી નાથ, મોક્ષ અમને અપાવ. પ્રભૂ ૪

ગાયન ૨૦

મત છીન લીનીરે, મોરેંઓ પ્યારે, મન બસીઆં,નેમકી
બતીઆં, વો સખીયા, ગુજરીયાં, સાહેલીયાં, નટખટસે
મોહે છોડદીનીરે;મનછીન લીનીરે એરાહ । ટેક

પાએ લાગુ હાથ જોડકે, ઇતની અરજ દયા દીલ ધરકે
અબતો અઇએ, રહીએ, દીલ અરજી માનીરે;
મન છીન લીનીરે

અષ્ટ ભવશે પ્રીત નીભાયો, નવમે ભવ મોહે છેડું
દીખાયો, તુમતો આવી કપટ બાત, હમસે કીનીરે;
મન છીન લીનીરે

પીયુ પહેલી પ્યારા સીધાવે, સાંતી બાળ સાતી ગુણ
ગાવે હમતો; ચરણે, શરણે, તુમરે, આકે કીનીરે,
મન છીન લીનીરે

ગાયન ૨૧

શ્રી સાંતીનાથ મહારાજ વીનંતી આજ દીલમાં ધરજી(૨)
સ્વીકારો મારા નાથ, બાળની અરજી
મે કર્યાં બહુ કુકર્મ, રાખ્યો નહી ધર્મ,આ ભવની માંહી[૨]
આ ભવથી તારો, પ્રેમ ધરી મન માંહી
છો ગજપુરીના રાય અચીરાજી માય સુત વીશ્વસેનુના[૨]
પ્રભૂ પાપ કરો સૌ દુર, હોય જે ગુના

ગાયન. ૨૨

સાંતી જીનેશ્વર સાહબાને, નમે બાળો સૌ સંગાથ
નમો બાળો સૌ સંગાથ;
બુધી આપો સૌ બાળોનેરે પ્રભુ આજે દયાળ પ્રભૂ આનો
ભયાળ, સાંતી જીનેશ્વર,
રત્ન જડીત પાયે સાંકળારે લોલ,હીરે જડયાં છે હાથે
કડાંરે લોલ, કાંને કુડળ બને સોભતાંરે લોલ, નંગ
જડયાં છે નવ કરોડનાંરે લોલ,સાંતીજીન સેવોને સુખ

કારી કે સૌ આનંદમાંરે લોલ, એછે જગનો દીનદયાળ કે અતી સુખ આપશેરે લોલ.

શાખી

પ્રભુ મુખ કાંન્તી શી બની, શોભા અપરંપાર;
સૌ જન ત્યાં ટોળે મળ્યાં, અતી ઘણાં નરનાર.

સાંતીનાથ સોહામણોરે લોલ, દરશન કર્યાનો ઉમંગછેરે લોલ ભાવે પુજેન સૌ ભાવથીરે લોલ, હર્ષ છે સૌ મન અતી ઘણોરે લોલ.

શાખી

જગત તારણ પ્રભુ તું ધણી, જગત ગુરૂ જીનરાજ;
અંતરજામી છો તમે, રાખશો સહુની લાજ.

પ્રભુજીનું ધ્યાન ધરોને સદાયકે, અતી આનંદથીરે લોલ;
પ્રભુ મુખ કાંન્તી ચંદ્ર પ્રકાશછે બહુ રળીઆણોરે લોલ.
આજે સાંતી મંડળીના બાળો સૌ સાથે વળી પ્રભુ ચરણ કમળને વંદે સૌ લળી લળી સાંતી જીનેશ્વર સાહેબાને.

ગાયન ૨૩

દીઠા દીઠા જગત ગુરૂ દેવહો.
પ્રભુ સાંતી જીણંદ જયકારી,
શાંત સુધારસ છે છબી તારી;
મનાહર મુરતી મોહનગારી,
તારો તારો વીભો ભવ વારીહો. પ્રભુ.
ધર્મ ધુરંધર ધીર છબીલો,
સ્યાદ વાદ શુભ પક્ષ રંગીલો.
જગસ્વામી જગત ઉપગારી હો. પ્રભુ.
ચોત્રીષ અતીષય પ્રભુને છાજે,
વાણી પાંતરીસ ગુણ ગણ ગાજે;
ભાવે ગાવે સભા જૈન સારીહો, પ્રભુ.

ગાયન ૨૪

જયકારી પ્રભુ ધરમ જીનેશ્વર, પરમ ધરમ દાતાર
સુખદાતા જગ ત્રાતા શાતા, કરમમ દેવ દયાળ.
જયવંતા ભગવંતા ગુણવંતા અરીહંતા કાપો મુજ.

આપો આપો અવીચળ સુખ કરી ભવજળ પાર.
જયકારી કરમ મરમના મરમની વારો. ધરમધુરંધર
દેવ, અવધારો, ભયવારો, ઉદ્ધવારો, જીનતારો, પ્રભુ
કાજ સુધારો વીજય વધારો ભારતી શીષુ જયકારી.
જયકારી.

ગાયન ૨૫.

પળ પળ છીન છીન ભજો જીન નામ,
ગાવના ભાવના નીશદીન આ વાર;
લય સ્વર ધારી, આદરણા મનહરણા જીન સરણા,
જાણુ કે ગુણકાર. નામ–પળ.
મારકે કામ કા પરીભાવકો,
તજત દમત તન વીકાર;
ધરીશ દીલમે કાનમે સુનકે,
વચન કથન સુ પ્રકાર;
અર્હત દર્શન દુર્લભ મોલના,
નર ભવગીના. નામ.–પળ

ગાયન ૨૬

અભીનંદન જીન વંદન કરીએ,
વંદન કરીને ભવજળ તરીએ;
લીલા લચ્છી અક્ષય વરીએ,
કરીએ, તરીએ, વરીએ ભવીકજન,
અભીનંદન જીનવંદન કરીએ.–૧
સિધારથ માતાના જાયા,
તાત પ્રભુના સંવર કાયા;
કુપી લંછન કંચન સમ કાયા
જાયા રાયા કાયા. ભવીકજન–૨
ત્રણ છત્ર તુજ શીરપર છાજે,
સમોવસરણ જીનરાજ બીરાજે;
વાણી પાંતરીસ ગુણગન ગાજે,
છાજે રાજે ગાજે. ભવીકજન–૩
ભવ ભ્રમણાનો ફેરો વારો,
રંક ઉપર કરૂણા જો ધારો;
તારક બીરૂદ સફલ કરી તારો,
વારો, ધારો, તારો. ભવીકજન–૪

ગાયન ૨૭

સુવીધી નાથ સરણુ કરણુ આવીઆ અમે.
ચરણુ કમળ અમર ભમર રૂપ થઇ રમે.
સુવીધી નાથ સરણુ કરણુ આવીઆ અમે.

દેવા સેવા, મેવા આપો મને આપ, જાપુ જીનજાપ,
માટે ભવ તાપ, તારજો તમે. સુવીધી.

જુગતી, ભક્તી, મુક્તી, આપો સીરતાજ ગરીબની વાજ,
નમું જીનરાજ સકલ સુર નમે. સુવીધી.

ગાયન ૨૮

અરજ સુપાસ પ્રભુ અવધાર, નથી કોઇનો જ-
ગમાં આધાર. કરી કરૂણા ભવસાગર તાર અરજ
સુપાસ પ્રભુ આધાર.

ચાર ગતીના ચક્ર ભ્રમણમાં ભટકયો વારં વારં વાર ૧
તોપણ પત્તા કાંઇ ન લાગ્યો કરો ગરીબની વ્હાર. અ. ૨
જીવ દયા પતીપાળ જીનેશ્વર, બિરૂદ ધરાવો સાર.

તો કયમ કરૂણા ન કરશો સ્વામી, હું રઝળ્યો સંસાર. અ. ૩
અવિનાસી અકળ સ્વરૂપી, અરજ અમરપદ ધાર.
નિરાકાર નિરંજન જયોતી, આલંબન આધાર. અ. ૪
પદક જનમ મધુરકર થઇ સેવે, સકળ સંઘ સવાર.
જૈન સભા કરજોડી માગે, તારતાર પ્રભુ તાર. અ. ૫

ગાયન ૨૯.

પ્રભુ પાય લાગુ માફ માગુ મહેર કરો,
કરૂં વીનતી દયાલ દેવ કાન ધરો;
ત્રીભોવન નાથ ખરો, અનાદીના પાપ હરો,
જય, જય, જય, જય, પ્રભુ પાય લાગુ. ૧
ચારે ચોર ઘોર પાપના વીપાક હરો,
રાગ લેશ વારી આપ સ્વામી સત્ય ઝરો;
ફરી ભવમાં ન ફરો, ભર ભંડાર ભરો,
જય, જય, જય, જય; પ્રભુ પાય લાગુ. ૨
જપે જાપ ખપે પાપ, તાપ થાય ખરો,

મતી માન ધરી ધ્યાન, અમૃત પાન કરો;
ભવજાલ પાર તરો, શીવ સુખ સ્હેજ વરો,
જય, જય, જય, જય, પ્રભુ પાય લાગું. ૩

——:o:——

શ્રી શાંતિનાથનું સ્તવન.

રાગ આશાવરી.

શાંતિ જીણુંદ સુખકારી, સકળ જન ! શાંતી.
સ્વસ્તિ શ્રીઋદ્ધિ વૃદ્ધિ જયંકર,
મંગળાભ્યુદય વિહારી. સ૦ શાં૦ ૧
સુરપૂજીત ગઢ તીન મનોહર,
પ્રાતિહારજ સહચારી,
વૃક્ષ અશોક પરમ મુદ દાતા,

કુસુમ વૃષ્ટી વરષારી. સ૦ શાં૦ ૨
દિવ્ય ધ્વનિ ચઉવિધ વાજીત્ર સુર,
યોજનમાન ઉદારી,
ચિહું દીશી ચમ્મર છત્ર ત્રિહું શોભિત,
સિંહાસન પદસારી. સ૦ શા૦ ૩
ભામંડળ રવી કોટી વીજંતા,
દુંદુભિ ધ્વનિ બલિહારી,
એસી સભામેં શ્રીજીન સેવા,
સ્વરૂપચંદ મન પ્યારી. સ૦ શા૦ ૪

———:o:———

ચોવીસ તિર્થંકર ભગવાનનું સ્તવન.

હવે પારસનાથ સિધાવ્યા. એ રાહ.

રિખવ જીનેશ્વર પ્રણુમી પાય,
બીજા અજીત જીનેશ્વર રાય;
સંભવ સ્વામી સુખ ભંડાર,

અભિનંદન નામે જયકાર. રિખવ૦ ૧
સુમતિ પદ્મ પ્રભુ દેવ સુપાસ,
ચંદ્રપ્રભ જીન પૂરે આશ;
સુવિધિ શીતળ શ્રેયાંસ જીણંદ,
વાસુપૂજ્ય દીઠે આણુંદ. રિખવ૦ ૨
વિમળ અનંત ધરમ જગદીશ,
શાંતી કુંથુ અરનામું શીશ;
મલ્લિનાથ મુનિસુવ્રત દેવ,
નમિ નેમિશ્વર સારે સેવ. રિખવ૦ ૩
પાર્શ્વ વીર નિત્ય પ્રણમે જેહ,
રીદ્ધિ સીદ્ધિ નર પામે તેહ;
ચોવીસે ગુણ તણા નિવાસ,
ભાવ મુની કહે પૂરો આશ. રિખવ૦ ૪

શ્રી સંખેશ્વર પાર્શ્વજીનનું સ્તવન.

સંખેશ્વરા પાર્શ્વજી જયકારીરે,
તારી મુરત્તીમો હનગારી, સંખેશ્વરા. એ આંકણી

ભોયણીમાં મલ્લિજીન મળીયારે,
રાંતે જે રાજુલ કંથ બળીયારે.
સીતાપુરમાં આદિ અટકળીયા, સંખેશ્વરા. ૧
પાડલા એ તે શાંત જીણંદરે, સંખેશ્વરે વામાનંદરે,
મુખ સોહીયે પુનમચંદ સંખેશ્વરા. ૨
ગઢકોટ ઉગમણા દરવાજારે, મુળ મંડપે બેઠા મહારાજારે
ફરતી બાવન દેરીમાં રાજા, સંખેશ્વરા. ૩
મુળનાયક પાસ બીરાજેરે, પચાણુજીન બિંબ છાજેરે
ભવિજીવને શીવસુખ કાજે, સંખેશ્વરા. ૪
જાદવની જરા નિવારીરે, ન્હવણ જળે થયા હુશીયારીરે,
મુજ જન્મ જરા કરોન્યારી, સંખેશ્વરા. ૫
હુ આવ્યો એહીજ કાજેરે, રત્નત્રયી આપો મહારાજરે
એક પંથ દોય સરે કાજ, સંખેશ્વરા. ૬
ૐ હ્રીયં હ્રીયં પ્રભુ પાસરે, વામા સુત પુરો મુજ આશરે
તુજ નામ જપું ગુણ રાસ, સંખેશ્વરા. ૭
ઓગણીસેં તેત્રીસ વરસેરે શુર, સગદામ પંચમી કરશેરે,
દાન દયા તુજ ગુણ ધરશે, સંખેશ્વરા. ૮

આરતી તથા મંગળ દિપક.

શાંતી જિનની આરતી.

જય જય આરતી શાંતિ તુમારી,
તેરા ચરણુ કમળકી મેં જાઉં બલિહારી ॥જય૦॥૧॥
વિશ્વસેન અચિરાજીકે નંદા,
શાંતિનાથ મુખ પુનમચંદા ॥ જય૦ ॥ ૨ ॥
ચાલીશ ધનુષ્ય સોવનમય કાયા,
મૃગલંછન પ્રભુચરણુ સુહાયા ॥ જય૦ ॥ ૩ ॥
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે,
સોળમા જિનવર જગ સહુ મોહે ॥ જય૦ ॥ ૪ ॥
મંગળ આરતી તોરી કીજે,
જન્મ જન્મનો લાહો લીજે ॥ જય૦ ॥ ૫ ॥
કરજોડી સેવક ગુણ ગાવે,
સૌ નર નારી અમરપદ પાવે. ॥ જય૦ ॥ ૬ ॥

——:૦:——

અથ મંગળ ચાર.

ચારો મંગળ ચાર આજ મ્હારે ચારો મંગળ ચાર ॥
દેખ્યો દરસ સરસ જીનજીકો,
શોભા સુંદર સાર ॥ આજ૦ ॥ ૧ ॥
છિનું છિનું છિનું મન મોહન ચરચો,
ઘસી કેસર ઘનસાર ॥ આજ૦ ॥ ૨ ॥
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો,
મોઘર લાલ ગુલાલ ॥ આજ૦ ॥ ૩ ॥
ધૂપ ઉખેવો ને કરો આરતી,
મુખ બોલો જયકાર ॥ આજ૦ ॥ ૪ ॥
હર્ષ ધરી આદીશ્વર પુજો,
ચૌમુખ પ્રતિમા ચાર ॥ આજ૦ ॥ ૫ ॥
હૈયે ધરી ભાવ ભાવના ભાવો,
જિમ પામો ભવ પાર ॥ આજ૦ ॥ ૬ ॥

સકળચંદ સેવક જિનજીકો,
આનંદઘન ઉપગાર ॥ આજ૦ ॥ ૭ ॥

ગાયા પ્રભુના ગુણ, આજે અમે
ગાયા પ્રભુના ગુણ આજે અમે
નાચી રાચી પ્રભુ ગુણ ગાયા,
ગાયા મધુરે સુર આજે અમે
આ સૌ બાળો નમેછે તમને
અરજી ધારો ઉર આજે અમે
સાંતીનાથની મંડળી નમે છે,
પાપ કરો સૌ દુર આજે અમે

—:o:—

અગાઉથી આશ્રય આપનાર સદ્દગ્રહસ્થોના નામ નીચે મુજબ.

નામ.	નકલ.
સા. મગનલાલ હરીલાલ.	૧૦૦

શેઠ. ભગુભાઇ દોલતચંદ.	૧૫
સા. વાડીલાલ હીમતરાંમ.	૧૫
સા. બાલાભાઇ મનસુખરાંમ	૧૦
સા. જમનાદાસ હરગોવનદાસ.	૧૦
સા. રાએચંદ હરગોવનદાસ. ગામ છાલાના	૧૦
સા. મણીલાલ ઇછાચંદ.	૧૦
સા. પરસોતમ મગનલાલ.	૧૦
સા. ત્રીકમ વરજીવનદાસ.	૧૦
સા. અમરતલાલ સાંકળચંદ.	૫
સા. હરીલાલ કપુરચંદ.	૫
સા. લલુભાઇ છગનલાલ.	૫
સા. ભોગીલાલ વાડીલાલ.	૫
સા. પરસોતમ સરૂપચંદ.	૫
સા. રવચંદ છગનલાલ ધોઘાવાલા.	૫
સા. બાલાભાઇ વિજવલવદાસ.	૨
સા. પુંજાભાઇ નગીનદાસ.	૧

જાહેર ખબર.

જૈનબંધુઓને વિનંતી પુર્વક ખબર આપવામાં આવેછે કે શ્રીસાંતીજીન સ્તવનાવળી એ નામનું પુસ્તક મંગાવવું હોય તેને નીચેના ઠેકાણેથી મલશે.

૧. શ્રીશાંતી જૈનમંડળીમાંથી, ધનાસુતારની પોળમાં દેરાવાળી પોળમાંથી.

૨. શા. બાલાભાઇ મનસુખરાંમ પાસેથી ,,

૩. શા. મનસુખરામ મુલચંદની દુકાનેથી માણેકચોક માંડવીની પોળ આગળ જોટાના પાટીઆ આગળ.

સુચના.

દેશાવરવાળા ગ્રાહકનો નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં. ટપાલ ખર્ચ જુદુ લેવામાં આવશે.